તા. ૨૫.૦૯.૨૦૨૫
નવગુજરાત સમય, પાના નં. ૦૨

# નવરાત્રિ દરમિયાન રાત્રે બે વાગ્યા સુધી મેટ્રો રેલ દોડાવાશે

નવગુજરાત સમય > અમદાવાદ

નવરાત્રિનો પ્રારંભ થયો છે અને નાગરિકોને રાત્રે સલામત રીતે અવરજવર માટે મેટ્રો રેલ રાત્રે બે વાગ્યા સુધી દોડાવવાનો નિર્ણય લેવાયો છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના સત્તાવાર સૂત્રોનાં જણાવ્યા અનુસાર, સામાન્ય દિવસોમાં મેટ્રો રેલ સવારે છ વાગ્યાથી રાતના ૧૧ વાગ્યા સુધી દોડે છે, પરંતુ નવરાત્રિમાં વસ્ત્રાલથી થલતેજ ગામ સુધીના કોરિડોરમાં રાત્રે દસ વાગ્યા પછી દર ૩૦ મિનિટે મેટ્રો રેલ મળશે. તેવી જ રીતે કોટેશ્વર રોડથી એપીએમસી કોરિડોરમાં પણ આ પ્રકારે મેટ્રો રેલની સેવા ઉપલબ્ધ છે. જ્યારે મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર સેક્ટર વન સુધીનાં કોરિડોરમાં મોટેરાથી છેલ્લી મેટ્રો બે વાગ્યે અને સેક્ટર વનથી છેલ્લી મેટ્રો રાતે એક વાગ્યે ઉપડશે. જોકે આ તમામ સ્ટેશન ખાતેથી મેટ્રો મુસાફરી માટે ફક્ત ૫૦ રૂપિયાની સ્પેશિયલ પેપર ટિકિટ લેવી ફરજિયાત રહેશે.